સામાજીક શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક
પછાત વર્ગો માટે વ્યકિતગત મકાન સહાય યોજના

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૪૯૭/ન.બા.૧/અ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ :- 9 APR 2001

વંચાણે લીધા:-

(૧) સમાજ કલ્યાણ વિભાગનો સરખા ક્રમાંકનો તા.૧૭-૧૦-૯૯ નો ઠરાવ.
(૨) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો સરખા ક્રમાંકનો તા.૯-૫-૨૦૦૦ નો ઠરાવ.
(૩) સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૨-૨-૨૦૦૦ નો ઠરાવ ક્રમાંકઃઅબડ/૧૦૯૯/ ૭૬૯/હ.

ઠરાવ:-

આમુખ ક્રમાંકઃ૧ માં દર્શાવેલ તા.૨૭-૧૦-૯૯ ના ઠરાવથી સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતેપછાત વર્ગના ઈસમોને વ્યકિતગત ધોરણે મકાન બાંધકામ માટે નાણાંકીય સહાય આપવાની યોજના અમલી છે. ઉપર જણાવેલ ઠરાવોથી સમયાંતરે સુધારા વધારા કરવામાં આવેલ છે.

૨. પ્રવર્તમાન જોગવાઈ મુજબ સા.શૈ.પ.વ.તથા આર્થિક પછાત વર્ગના લોકોને મકાન સહાય પેટે રૂ.૩૦,૦૦૦/- આપવાની જોગવાઈ છે. તેમજ ગ્રામ્ય વિસ્તાર માટે મકાનની કિંમતની ટોચમર્યાદા રૂ.૩૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૫૦,૦૦૦/- નિયત કરાયેલ છે.

૩. આમુખ ક્રમાંકઃ૩ આગળ દર્શાવેલ ઠરાવની અનુસૂચિત જાતિના લોકો માટે ડો.આંબેડકર આવાસ યોજના હેઠળ મકાનની કિંમતની ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૫૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૭૦,૦૦૦/- નિયત કરાયેલ છે. સા.શૈ.પ.વર્ગ અને આર્થિક પછાત વર્ગ માટેની યોજનાઓના ધોરણો અનુસૂચિત જાતિ માટેની લોકોની યોજનાના ધોરણ મુજબ રાખવાની સરકારની નીતિ રહી છે આથી સામાજીક શૈક્ષણિક પછાતવર્ગ તથા આર્થિક પછાત વર્ગના ઈસમો માટેની વ્યકિતગત મકાન સહાય યોજના હેઠળ મકાનની કિંમતની ટોચ મર્યાદા ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૫૦,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટેરૂ.૭૦,૦૦૦/- રાખવાનું આથી ઠરાવવામાં આવે છે.

૪. પ્રસ્તુત ઠરાવથી મકાનની ટોચમર્યાદાની કિંમતમાં વધારો કરવામાં આવેલ છે. મકાન સહાયની રકમ (રૂ.૩૦,૦૦૦/- ) માં કોઈ સુધારો કરવામાં આવતો નથી તેમજ યોજના અંગેની અન્ય શરતો અને બોલીઓ મૂળ ઠરાવ અનુસારની રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૧૨-૩-૨૦૦૧ ની નોંધથી મળેલ સંમતિ અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમનાનામે,

સુસોની

(એસ.કે.સોની)
સેકશન અધિકારી
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

પ્રતિ,

- માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી,રાજભવન,ગાંધીનગર.
- મા.મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.

—૨—

- મા.મંત્રીશ્રી(સા.શૈ.પ.વર્ગ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી,વિધાનસભા, ગાંધીનગર.
- માન.નાયબ મંત્રીશ્રી (સા.શૈ.પ.વર્ગ)ના અંગત સચિવશ્રી,સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ.
- નિયામકશ્રી,વિકસતીજાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી,
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી,અમદાવાદ/ગાંધીનગર.
- સર્વેજીલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.)
- નાણાં સલાહકારશ્રી,નાણાં શાખા,સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની સઘળી શાખાઓ.
- પસંદગી ફાઈલ.
- પત્ર ધ્વારા.

એ.–૧૨૭